**ફોજદારી ઇન્કવાયરી નં.૩૯૦/૨૦૨૫**

| | |
|---|---|
| | **ફોજદારી ઇન્કવાયરી નં.૩૯૦/૨૦૨૫** |

## <u>આંક–૧ લગત હુકમ</u>

**(૧)** હાલની ફરિયાદ, ફરિયાદીનું વેરીફિકેશન, ફરિયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા, ફરિયાદી તર્ફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.

**(૨)** હાલની ફરિયાદ રજુ થતાં, આરોપી મોરબીના હોય હેઠળ ઇન્કવાયરીમાં રાખવામા આવેલ અને ત્યારબાદ હાલની ફરિયાદ, ફરિયાદીનુ વેરીફીકેશન, ફરિયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ ફરિયાદી તર્ફે વિ.વકીલશ્રીને સાંભળ્યા આ કામે ફરિયાદીએ ફરિયાદ સાથે રજુ કરેલ તમામ પુરાવાને લક્ષમાં લેતા ફરિયાદી દવારા નિયત સમયમર્યાદામાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની નોટીસ આરોપીને આપવામાં આવેલ હોવાની હકીકત તથા તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં, નિયત સમય મર્યાદામાં આરોપી દવારા સદર ચેક મુજબની રકમ ફરિયાદીને આપવામાં આવેલ નથી. આમ, ફરિયાદીએ ચેક પરત થયાની માહિતી મળ્યેથી ત્રીસ દિવસની અંદર આરોપીને લેખિતમાં નોટીસ આપેલ હોવાનું અને નોટીસ મળ્યા બાદ દિન ૧૫ માં આરોપીએ ચેકની રકમ ચુકવવામાં કસુર છે.

**(૩)** ફરિયાદી દવારા હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે. india bank association and others versus union of india (2014 air sc 2528) ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ઠરાવવામાં

આવેલ ડાયરેકશન ધ્યાને રાખતા ફરિયાદી દવારા હાલની ફરિયાદ સાથે ફરિયાદીનું સોગંદ ઉપરનું વેરીફિકેશન રજુ કરેલ હોય તથા ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) અન્વયેનું ફરિયાદીનું સરતપાસનું સોગંદનામુ પણ રજુ રાખવામાં આવેલ છે તથા અસલ દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલ છે. તેમજ ના.સુપ્રિમકોર્ટએ સ્યુમોટો RE: expiditious trial of cases under section 138 of n.i.act 1881 ના ચુકાદામાં તથા ઉપરોકત ચુકાદામાં આ પ્રકારના કેસોમાં જે ઝડપી ન્યાયનો હેતુ સિધ્ધ થાય તે સારૂ જે ગાઇડલાન્સ બહાર પાડવામાં આવેલ છે તે ધ્યાને લેતા તથા સદર એન.આઇ.એકટની કલમ–૧૩૮ ની જોગવાઇ ધ્યાને લેતા તેમજ સદર એન.આઇ.એકટના સ્પેશીયલ કાયદાની કલમ–૧૪૨ માં જે આ પ્રકારના કેસોમાં કોગ્રીજન્સ લેવાની જોગવાઇ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા પણ સદર ફરિયાદીની ફરિયાદ લેખિતમાં હોય તથા આ કામના આરોપીને સદર કાયદા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણા ચુકવણી સારૂ ડિમાન્ડ નોટીસ કાયદેસરની મોકલવામાં આવેલ હોય અને તે નોટીસ તેઓને બજયા છતાં ત્યારબાદ ૧૫ દિવસમાં તેઓએ ચેકના નાણા ફરિયાદીને ચુકવી આપેલ ન હોય અને સમય મર્યાદા હાલની ફરિયાદ નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હોય ત્યારે સદર કામના આરોપીને પણ સદર કાયદા મુજબ કોગ્રીજન્સ લેતા પહેલા તેઓનો બચાવ કરવાની તથા નાણા ચુકવણી કરવાની તક મળેલ હોય અને તે મુજબ આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળા ચેકના નાણાં નોટીસમાં જણાવેલ સમયમર્યાદામાં ચુકવી આપેલ ન હોય ત્યારબાદ જ ફરિયાદીએ હાલની ફરિયાદ ના.કોર્ટમાં દાખલ કરવી પડેલ હોય, સદર કેસ આરોપી સામે એન.આઇ.એકટની કલમ–૧૩૮ મુજબનો દાખલ કરેલ છે, ત્યારે સ્પેશીયલ એકટની જોગવાઇ ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ ફરિયાદ સાથે સરતપાસનું સોગંદનામુ પણ સદર કાયદાની કલમ–૧૪૫ અન્વયે સામેલ રાખેલ હોય ત્યારે આ સ્ પેશીયલ એકટના કાયદામાં જે કોગ્રીજન્સ લેવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે, તે મુજબ આરોપીને હાલની ફરિયાદ દાખલ કરતા અગાઉ સદર કાયદા મુજબ ડિમાન્ડ નોટીસ બજવા છતાં પણ તેઓને નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કરેલ ન હોય ત્યારે સદર કાયદા મુજબ આરોપીને સદર કેસ દાખલ કરતા અગાઉ સાંભળવાની તક મળેલ જ હોય તે મુજબ પણ સદર કામના રેકર્ડમાં ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે તે ધ્યાને લેતા પણ

ફરિયાદવાળો ચેક આરોપીએ તેઓની સહી કરીને આપેલ હોવાનુ અને તે ચેક ફરિયાદીએ સદર નામ.કોર્ટની હકુમતમાં તેઓની બેંકમાં જમા કરાવેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે રેકર્ડમાં રજુ કરેલ દસ્તાવેજી આધારોમાંથી જણાઇ આવતુ હોય ત્યારે સદર કામના આરોપી વિરુઘ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો હોવાનુ જણાઇ આવતુ હોઇ ત્યારે આ પ્રકારના કેસોમાં લોકોને ઝડપી ન્યાય મળી રહે તથા સદર કાયદાનો ન્યાયનો હેતુ ઝડપથી સિઘ્ધ થાય તે સારૂ જે સિઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તે તમામ પરિબળો ઘ્યાને લેતાં સદર આરોપી સામે કોગ્નીજન્સ લેતા પહેલા તેઓને આ તબકકે સદર કેસમાં સાંભળવા ન્યાયીક જણાતુ ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ::–

**૧.** હાલની ફોજદારી ઇન્કવાયરી ફેસલ કરવામાં આવે છે.

**૨.** હાલની ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો પ્રથમદર્શનીય રીતે બનતો હોવાનું જણાઇ આવતુ હોય, આરોપીની સામે ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ મુજબ ગુનાનું કોગ્નીઝન્સ લઇ, આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે મુદત તા. ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ બજીને પરત આવે તે રીતનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખઃ ૨૯/૧૧/૨૦૨૫
મુકામઃ–ગાંધીનગર

(એફ.એન.સોલંકી)
ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.
(જજ કોડ–જીજે૦૧૫૫૨)